G.R.

<u>જાહેરનામુ</u>

<u>પોલિસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંકઃગ/ઉપક/૧૫૭/૨૦૦૪, તા૧૬-૧૧-૦૪.</u>

વંચાણે લીધા :- જાહેરનામા ક્રમાંકઃગ/ઉપક/૧૩૨/૨૦૦૪, તા.૧૮-૧૨-૦૩.
જાહેરનામા ક્રમાંકઃગ/ઉપક/૧૩૫/૨૦૦૪, તા.૨૫-૨-૦૪.
જાહેરનામા ક્રમાંકઃગ/ઉપક/૧૩૯/૨૦૦૪, તા.૫-૩-૦૪.
જાહેરનામા ક્રમાંકઃગ/ઉપક/૧૪૩/૨૦૦૪, તા.૨૧-૬-૦૪.

ગુજરાત સરકાર ધ્વારા અમદાવાદ શહેરમાં વધતા જતા પ્રદુષણને અટકાવવા તેમજ થતા અકસ્માતોને નિયંત્રિત કરવા સુપ્રિમ કોર્ટને આપેલ બાંહેધરીના અનુસંધાને લેવાયેલ પગલા પૈકી ભારે વાહનોને અમદાવાદ શહેરમાં પ્રવેશ કરવાના પ્રતિબંધ અંગે તા.૨૧-૬-૦૪ ના રોજ પ્રાયોગિક ધોરણે જાહેરનામુ બહાર પાડવામાં આવેલ અને આ દરમિયાન લાગતા વળગતાઓ તરફથી અનુભવ આધારે સુચનો સ્વીકારેલ અને તે મુજબ આ જાહેરનામામા તા.૧-૧૦-૦૪ ના રોજ વધુ એક માસ માટે પ્રાયોગિક ધોરણે અમલમાં મુકવામાં આવેલ.

મુંબઈ પોલિસ અધિનિયમ ( સને ૧૯૫૧ ના ૨૨ માં) કલમ (૩૩)(બી) આધારે મળેલ સતાની રૂએ હું કે.આર.કૌશિક, પોલિસ કમિશનર, અમદાવાદ શહેર, અમદાવાદ શહેર વિસ્તારમાં રસ્તાઓ ઘણા સાંકડા છે અને આ સાંકડા રસ્તાઓ ઉપર ભારે વાહનોનું આડેધડ પાર્કીંગ રસ્તાઓની બંને બાજુ પર થાય છે. જેના કારણે ટ્રાફિક પ્રવાહને ઘણી અડચણો ઉભી થાય છે. ટ્રાફિક નિયમન સરળ બનાવવા માટે તેમજ પ્રદુષણના કારણે જાહેર જનતાના સ્વાસ્થ્યને થઈ રહેલ અકલ્પનીય નુકસાન, અવાજના પ્રદુષણથી મોટી ઉંમરના અથવા બિમાર વ્યકિતઓ અને વિદ્યાર્થીઓને થતી અસહય હેરાનગતિને ધ્યાનમાં રાખી નીચે મુજબનો હુકમ કરૂ છું.

<u>હુ ક મ :-</u>

અમદાવાદ શહેર પોલિસ કમિશનરની હકુમત હેઠળના વિસ્તારમાં તમામ પ્રકારના ભારે અને મધ્યમ વાહનો ( મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ હેઠળ નકકી કરેલા વાહનોને ) ( લકઝરી બસો ) સવારે ક.૯-૦૦ થી રાત્રીના ક.૨૧-૦૦ સુધી અવરજવર કરી શકશે નહિ. તદુપરાંત સુભાષબ્રીજ સર્કલ, સાબરમતી આશ્રમ, ઈન્કમટેક્ષ સર્કલ, પાલડી, વાસણા, વિશાલા સર્કલ સુધી ભારે અને મધ્યમ પ્રકારના વાહનો સવારના ક.૭-૦૦ થી રાત્રીના ક.૨૨-૦૦ સુધી અવરજવર કરી શકશે નહિ.

પરંતુ આ ભારે અને મધ્યમ વાહનો ( લકઝરી બસો )ને નીચેના માર્ગો ઉપર ૨૪ કલાક માટે ઉપયોગ કરવાની છૂટછાટ આપવામાં આવે છે.

૧. જેતલપુર ઓકટ્રોય નાકાથી નારોલ, વિશાલા સર્કલ થઈ ડાબા હાથે સરખેજ તેમજ જમણા હાથે એ.પી.એમ.સી.માર્કેટ, સરખેજ ચાર રસ્તાથી સરખેજ - ગાંધીનગર હાઈવે.
૨. નારોલથી નરોડા પાટીયા, નાના ચીલોડા, ઈન્દીરાબ્રીજ.

૩. નારોલ સર્કલથી જુના ચંડોળા ઓકટ્રોય નાકા સુધી.

૪. ઈસ્કોન સર્કલથી શિવરંજનીથી જમણા હાથે શ્યામલ ચાર રસ્તા, જીવરાજ ચાર રસ્તા, એ.પી.એમ.સી.માર્કેટ – વાસણા 'ટી' રોડ, ત્યાંથી ડાબા હાથે વળી પાલડી બસ સ્ટેન્ડ પાછળ આવેલ એ.એમ.ટી.એસ.નો પ્લોટ .

૫. ઈસ્કોન સર્કલથી શિવરંજની ડાબા હાથે વળી અંધજન મંડળ, મેમનગર ચાર રસ્તાથી જમણા હાથે આવેલ એ.એમ.ટી.એસ.નો પ્લોટ તથા મેમનગર ચાર રસ્તાથી એ.ઈ.સી.સર્કલ, એપેક્ષ સર્કલ, પ્રગતિનગર, અખબારનગર સર્કલ સામે આવેલ એ.એમ.ટી.એસ.નો પ્લોટ અને ત્યાંથી ડાબા હાથે વળી વ્યાસવાડી, પલક એપાર્ટમેન્ટ સામે આવેલ ગોકુલધામ પ્લોટ અને તે જ રસ્તે પરત.

૬ નારોલ ચાર રસ્તાથી ચંડોળા તળાવ, જુના ટોલનાકા પ્લોટ અને તે જ રસ્તે પરત.

૭. નરોડા પાટીયાથી મેમ્કો ચાર રસ્તા ત્યાંથી ડાબા હાથે વળી ચોકી પાસે આવેલ એ.એમ.ટી.એસ.નો પ્લોટ અને તે જ રસ્તે પરત.

૮ ૧૩૨ ફુટના રીંગ રોડ થઈ આર.ટી.ઓ ની કામગીરી માટે આર.ટી.ઓ ની કચેરી જઈ શકાશે.

૯ સાબરમતી અચેર ટોલનાકા, પાવરહાઉસ સર્કલ, ચીમનભાઈ બ્રીજ, પ્રબોધરાવળ સર્કલ, સુભાષબ્રીજ , અંડરબ્રીજ સર્કલ પો.કમિ.કચેરીથી શાહીબાગ ક્રાસીંગ, શાહીબાગ ચોકી સર્કલ, ગિરધરનગર સર્કલ, ગિરધનગર બ્રીજ, ઈદગા ચોકી ડાબા હાથે વળી અસારવા બ્રીજ, અસારવા ચકલા, ચામુંડા બ્રીજ, ત્યાંથી અમદુપુરા ચોકી થઈ કાલુપુર બ્રીજ મધ્ય ભાગે ડાબા હાથે વળી શહેરકોટડા પો.સ્ટે.સર્કલથી જમણા હાથે વળી મીટરગેજ રેલવે સ્ટેશન જઈ શકાશે અને તે જ રસ્તે પરત.

૧૦. નરોડા પાટીયાથી મેમકો ચાર રસ્તા થઈ અમદુપુરા ચોકી થઈ કાલુપુર બ્રીજ મધ્ય ભાગે ડાબા હાથે વળી શહેરકોટડા પો.સ્ટે.સર્કલથી જમણા હાથે વળી મીટરગેજ રેલવે સ્ટેશન જઈ શકાશે અને તે જ રસ્તે પરત.

ઉપરોકત માર્ગો ઉપરથી ખાનગી લકઝરી બસો ૨૪ કલાક અવરજવર કરી શકશે. તેમજ નં: ૪ થી ૭ માં દર્શાવેલ પાર્કિંગ પ્લોટ ઉપર પોતાની ગાડીઓ ને પાર્ક કરવાની રહેશે અને કોઈ પણ સંજોગોમાં જાહેર માર્ગો ઉપર લકઝરી બસો ઉભી રાખી પેસેન્જરોને પીકઅપ કરી શકાશે નહિ તેમજ પાર્કીંગ કરી શકાશે નહીં.

આ જાહેરનામુ ભારે અને મધ્યમ પ્રકારના ફકત મુસાફર વાહક વાહનો માટે જ છે.

આ જાહેરનામું માંથી નીચે પ્રકારના વાહનોને મુકિત આપવામાં આવે છે.

૧. તમામ કોલેજ અને સ્કુલ બસો.
૨. તમામ સ્ટાફ બસો.
૩. લગ્ન પ્રસંગ માટે ઉપયોગમાં લેવાતા વાહનો.